# 'જૈન ગૂર્જર કવિઓ' : વિમોચન અને પૂર્ણાહુતિ-સમારોહ અહેવાલ

**કાન્તિભાઈ બી. શાહ, કીર્તિદા જોશી**

શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ સંયોજિત અને શ્રી જયંત કોઠારી સંશોધિત 'જૈન ગૂર્જર કવિઓ'નો વિમોચન તથા પૂર્ણાહુતિ સમારોહ તા. ૧૯ જાન્યુઆરી ૧૯૯૭ને રવિવારના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈના ઉપક્રમે, શ્રી આંબાવાડી શ્વે. મૂ. જૈન સંઘના આતિથ્ય-સહયોગમાં પૂજ્ય આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી, પૂજ્ય આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી તથા પૂજ્ય આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરીશ્વરજીની પાવન નિશ્રામાં યોજવામાં આવ્યો હતો.

સવારે ૯-૩૦ વાગ્યે કાર્યક્રમનો આરંભ થાય ત્યાં સુધીમાં તો આમંત્રિત વિદ્વાનો, પૂજ્ય સાધુ-સાધ્વીજીઓનો સમુદાય અને શ્રાવક-શ્રાવિકાસંઘની ઉપસ્થિતિથી આંબાવાડીનો ઉપાશ્રય ખીચોખીચ ભરાઈ ગયો હતો.

### શુભારંભ :

કાર્યક્રમનો શુભારંભ પૂજ્ય ગુરુભગવંતોના મંગળાચરણથી થયો. તે પછી ખાસ વડોદરાથી પધારેલા સંગીતકાર શ્રી જયદેવભાઈ ભોજક અને એમના સાથીદારોએ રાગ મિશ્રખમાજમાં સ્વ. અનંતરાય ઠક્કર (શાહબાઝ) રચિત 'વ્યોમમાં વિહરતાં યોગિની શારદા...' એ સરસ્વતીગાન કરીને સમગ્ર વાતાવરણને ભક્તિસંગીતથી તરબોળ કરી મૂક્યું.

### દીપપ્રાકટ્ય :

આજના ગ્રંથવિમોચનકાર વિદ્વદ્વર્ય શ્રી કેશવરામ કા. શાસ્ત્રીને હાથે દીપપ્રાકટ્યની વિધિ કરવામાં આવી. સમારંભના અતિથિવિશેષ કવિશ્રી સુરેશ દલાલ અને શ્રી જયસુખલાલ મો. દેશાઈ પણ આ વિધિમાં જોડાયા.

### સ્વાગત :

ત્યાર પછી શ્રી આંબાવાડી શ્વે. મૂ. જૈન સંઘના પ્રમુખશ્રી ચીનુભાઈ શાહે આ સંઘને આંગણે પધારેલા સૌ આમંત્રિતોનું સ્વાગત કરી, આવો જ્ઞાનપ્રકાશનો રૂડો અવસર પોતાને આંગણે યોજાઈ રહ્યો હોવા અંગે પોતાની ખુશી વ્યક્ત કરી હતી. તે પછી આ સમારોહના સંયોજક પ્રા. કાન્તિભાઈ બી. શાહે આ સમારોહમાં પધારેલા સૌ મહેમાનો, આમંત્રિત વિદ્વાનોનું સ્વાગત કરી, જેને માટેનો આ સમારોહ છે તે આકરગ્રંથ 'જૈન ગૂર્જર કવિઓ' અને એના સંપાદનકાર્ય પાછળ રહેલી તપશ્ચર્યાની પાર્શ્વભૂમિકા રજૂ કરતાં જણાવ્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતું કે :

"જૈન પરંપરામાં તપશ્ચર્યાની પૂર્ણાહુતિ નિમિત્તે ઓચ્છવ કરવામાં આવે છે તેમ આ સમારોહ પણ વિરલ એવું જે જ્ઞાનતપ વર્ષો સુધી ચાલ્યું એના ઓચ્છવરૂપ છે. લગભગ ૭૫ વર્ષ પહેલાં શ્રી મોહનલાલ દ. દેશાઈએ આવો જ્ઞાનયજ્ઞ માંડ્યો હતો. વકીલાત કરતાં કરતાં કેવળ વિદ્યાપ્રીતિથી એમણે વિસ્તૃત હસ્તપ્રતસૂચિઓના ગ્રંથો 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧થી ૩ તૈયાર કર્યા. કોઈ યુનિવર્સિટી જ કરી શકે એવું આ ગંજાવર કામ પૂરાં ૩૩ વર્ષ ચાલ્યું. જ્યારે ગુજરાતી સાહિત્યકોશ ખંડ-૧નું કાર્ય શ્રી જયંતભાઈ કોઠારીએ સંભાળ્યું ત્યારે તેમને આ ગ્રંથોની અનિવાર્યતા જણાઈ. અપ્રાપ્ય બનેલા આ ગ્રંથોની નવી આવૃત્તિની આવશ્યકતા હતી. પણ કેવળ આ ગ્રંથોના પુનર્મુદ્રણથી કામ સરે નહીં. કેમકે વચગાળે નવાં સંશોધનો થયાં હતાં. શુદ્ધિ-વૃદ્ધિ સમેત આ ગ્રંથોનું નવસંસ્કરણ કરવાનો એ પડકાર શ્રી જયંતભાઈએ ઝીલી લીધો અને મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ) જેવી સંસ્થાએ એના પ્રકાશનની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી. આ માટે આપણે આવી સંસ્થાના પણ હંમેશના ઋણી રહીશું. આ ગ્રંથોનું નવસંસ્કરણ ૧થી ૧૦ ભાગમાં થયું. મૂળના ત્રણ ભાગમાંથી દસ ભાગ કઈ રીતે થયા, એમાં કઈ શુદ્ધિ-વૃદ્ધિ થઈ એ પણ તુલનાત્મક અભ્યાસનો એક વિષય બને એમ છે. વર્ષો પૂર્વે મોહનલાલનો જ્ઞાનયજ્ઞ સાડા ત્રણ દાયકા ચાલ્યો તો જયંતભાઈએ એના પુનઃસંપાદન પાછળ પૂરા એક દાયકા (૧૯૮૬થી '૯૬)નું વિદ્યાતપ કર્યું. વચ્ચે કેટલાક અવરોધો આવ્યા અને એમાં મોટો અવરોધ તો માંદગીનો આવ્યો. પણ જાણે કે આ કામ માટે જ એમના પુણ્યબળે એમને ઉગારી લીધા. નેપથ્યે ચાલેલી જયંતભાઈની આ કામગીરીનો હું સાક્ષી છું. એમનો આખોયે ડ્રોઈંગરૂમ સૂચિકાર્ડોના ઢગલાઓથી ભરાઈ ગયો હોય અને એ ઢગલાની વચ્ચે જયંતભાઈ ખોવાઈ ગયા હોય. મંગળાબહેનથી માંડી ઘરનાં સૌ સ્વજનોનો સહયોગ અને ભોગ આમાં ઘણો મોટો છે. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજીએ જયંતભાઈના આ કામને સુંદર કલ્પના દ્વારા બિરદાવ્યું છે. એમણે કહ્યું છે કે જયંતભાઈએ મોહનલાલે પ્રગટાવેલા જ્ઞાનદીપની શગ સંકોરવાનું કામ કર્યું છે. તેથી જ જયંતભાઈને મોહનભાઈના માનસપુત્ર એમણે કહ્યા છે. ભાયાણીસાહેબે એમના કામને દેવાલયના જીર્ણોદ્ધાર સમું ગણાવ્યું છે. આ કામ સુંદર રીતે આરંભાયું અને સંતોષપ્રદ રીતે પૂર્ણ થયું એના ઓચ્છવ સમો આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે."

એ પછી બપોરે યોજાનારી 'ગોષ્ઠિ'ના કાર્યક્રમની બીજી બેઠકની પણ એમણે માહિતી આપી હતી.

**શુભેચ્છા-સંદેશ :**

આ સમારોહ પ્રસંગે અનેક મહાનુભાવોના શુભેચ્છા-સંદેશાઓ આવ્યા હતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાંથી કેટલાક વિશિષ્ટ સંદેશાઓનું વાચન કરી બાકીના સંદેશા પાઠવનાર મહાનુભાવોનો નામોલ્લેખ કરવામાં આવ્યો હતો. જેમના શુભેચ્છા-સંદેશા મળ્યા તેમનાં નામો આ પ્રમાણે છે :

ડૉ. રણજિત પટેલ (અનામી), પ્રા. ભૂપેન્દ્ર ત્રિવેદી, પ્રિ. સી. એન. સંઘવી, પ્રિ. મુકુંદરાય ડી. ભટ્ટ, શ્રી જયંત પાઠક, શ્રી ઉશનસ્, શ્રી મંજુબહેન ઝવેરી, શ્રી રતિલાલ 'અનિલ', ડૉ. રમેશ શુક્લ, ડૉ. ચંદ્રકાન્ત શેઠ, પ્રિ. દિલાવરસિંહ જાડેજા, ડૉ. ધીરેન્દ્ર મહેતા, પ્રા. જશવંત શેખડીવાલા, ડૉ. વિજય શાસ્ત્રી, શ્રી માવજી સાવલા, શ્રી રમણીકલાલ પરીખ, શ્રી પાર્શ્વ, શ્રી નવનીત કે. ડગલી, ડૉ. માલતી શાહ.

અનામીએ એમના લાક્ષણિક સંદેશામાં જણાવ્યું હતું કે :

"શ્રી કોઠારીના વિરલ કાર્યનો વિચાર કરતાં મને મહાભારતનો એક પ્રસંગ યાદ આવે છે. કૌરવસેનાને વીર અભિમન્યુ એકલે હાથે હંફાવે છે એ વાત સંજય ધૃતરાષ્ટ્રને જ્યારે કહે છે ત્યારે ધૃતરાષ્ટ્ર કહે છે, 'સંજય ! આ સમાચાર સાંભળીને મારું હૃદય લજ્જા અને આનંદની મિશ્ર લાગણી અનુભવે છે.' અર્ધો ડઝન ઉપરાંતની આપણી યુનિવર્સિટીઓ ને યુનિ.-ઓમાં ક્રિકેટ ઇલેવન જેટલો વિભાગીય સ્ટાફ હોવા છતાં પણ વર્ષોથી જે કાર્ય ન થઈ શક્યું એ માટે લજ્જા; અને વીર અભિમન્યુની જેમ એકલે હાથે શ્રી કોઠારીએ એ કરી બતાવ્યું એનો વિરલ-વિમલ આનંદ... લલિત સાહિત્યના કેટલાક સર્જકો આવા કાર્યને કટાક્ષ ને કરડાકીમાં 'પશુશ્રમ' કહેતા હતા, પણ આ તો પશુપતિનો જ્ઞાનયજ્ઞ છે."

શ્રી ઉશનસે લખ્યું, "પ્રા. કોઠારી જેનું સંપાદન કરે તે પ્રકાશન પરિપૂર્ણતાની છાપ ધારણ કરે છે એવી જે છાપ છે તેને આ પ્રસંગ દૃઢાવશે એવી મને આશા છે."

શ્રી જયંત પાઠકે જણાવ્યું, "આવાં મોટાં ને મહત્ત્વનાં કામ ઉપાડી તેમને સુપેરે પૂર્ણ કરવાની તમારી શક્તિને જાણું છું. આવા વિદ્યાકીય કાર્યથી તમે માત્ર જૈન સાહિત્યની જ નહીં, સમગ્ર ગુજરાતી સાહિત્યની સેવા કરી રહ્યા છો, તમને તે માટે ધન્યવાદ ઘટે છે."

શ્રી માવજી સાવલાએ લખ્યું, "તમારા જેવા આવો જ્ઞાનયજ્ઞ પ્રજ્જ્વલિત રાખી રહ્યા છો એમાં તમારી જીવનશક્તિઓ સતત હોમાતી જોઈ રહ્યો છું. 'તમારા જેવા થોડાક વિદ્યાનિષ્ઠ ભેખધારીઓ જગતને દરેક યુગમાં મળતા રહો' એ સિવાય બીજી અનુમોદનાના શબ્દો સૂઝતા નથી."

## પ્રાસંગિક ભૂમિકા :

આ પછી ડૉ. રમણલાલ ચી. શાહે સમારોહની પ્રાસંગિક ભૂમિકા રજૂ કરતું વક્તવ્ય આપ્યું હતું. એમના વક્તવ્ય અગાઉ પ્રા. કાન્તિભાઈ બી. શાહે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડૉ. રમણલાલ ચી. શાહનો પરિચય કરાવ્યો હતો.

ડૉ. રમણલાલે જણાવ્યું કે :

"જૈન ગૂર્જર કવિઓની સંશોધિત-સંવર્ધિત આવૃત્તિ થાય એ મારું પણ સ્વપ્ન હતું. અને એ સ્વપ્ન આજે સાકાર થતું જોઉં છું એ મારે માટે અતિ હર્ષ અને ઉલ્લાસનો પ્રસંગ છે. 'જૈન ગૂર્જર કવિઓ'નો આશ્રય લીધા વિના મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું કામ કરવામાં ડગલું પણ માંડી ન શકાય એવી સ્થિતિ હતી. પીએચ.ડી.નું કામ ચાલતું હતું ત્યારે મધ્યકાલીન સાહિત્યની સામગ્રી અંગે જે કેટલીક મુશ્કેલીઓ અનુભવી ત્યારે જ આ ગ્રંથના નવસંસ્કરણનો વિચાર આવેલો. મૂળ ગ્રંથોનું પ્રકાશન જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે કરેલું પણ નવી આવૃત્તિ માટે એ સંસ્થા પાસે મોટું ખર્ચ કરવાની ક્ષમતા નહોતી. એટલે હું જ્યારે શ્રી મહાવીર જૈન વિદ્યાલય સંસ્થાના મંત્રીપદે હતો ત્યારે આ આખી યોજના સંસ્થા પાસે મંજૂર કરાવી. ગ્રંથના ત્રણ ભાગ પ્રકાશિત થયા પછી વિરોધ પણ થયેલો કે આ ખર્ચાળ પ્રવૃત્તિ છે, અને થોડાકને જ એ ઉપયોગી થાય તેમ છે. ત્યારે મેં એકલે હાથે એનો પ્રતિકાર કરેલો. તેથી જ આજે મારું સ્વપ્ન સાકાર થતું લાગ્યાનો આનંદ છે.

શ્રી મોહનલાલ દેશાઈનું આ કામ અદ્ભુત છે. ગાંઠના પૈસા ખર્ચીને, તેઓ જ્યાં જ્યાં ભંડારો હોય ત્યાં પહોંચી જતા ને હસ્તપ્રતોની નકલ કરાવી લેતા. સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતીની ૨૦ લાખ જેટલી હસ્તપ્રતો ૪૦૦ ભંડારોમાં સચવાયેલી છે. જૈનો પાસે પોતાની હસ્તપ્રતોની જાળવણીની આગવી વ્યવસ્થા હતી, જેને લીધે આ જૈન સાહિત્ય સચવાયું. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસને નવેસરથી લખવાની ફરજ પાડે એટલું મોટું કામ મોહનભાઈને હાથે થયું છે."

## ગ્રંથવિમોચન અને વક્તવ્ય : શ્રી કે. કા. શાસ્ત્રી :

તે પછી વિદ્વદ્વર્ય શ્રી કેશવરામ કા. શાસ્ત્રીજીના વરદ હસ્તે 'જૈન ગૂર્જર કવિઓ (ભાગ ૮-૯-૧૦)ની વિમોચનવિધિ કરવામાં આવી હતી. તે પછી ઉદ્‌બોધન કરતાં એમણે કહ્યું કે 'મારી ત્રીજી પેઢીના અંતેવાસી જયંત કોઠારીના મહાન જ્ઞાનયજ્ઞને નિમિત્તે અહીં ઉપસ્થિત થવાની તક મળી છે તેને મારું સદ્‌ભાગ્ય ગણું છું.' તે પછી એમણે મહાવીર જૈન વિદ્યાલય સંસ્થા સાથેનાં ૭૫ વર્ષ પહેલાંનાં સ્મરણોને તાજાં કર્યાં હતાં. ૧૭ વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા પસાર કરી તેઓ ૧૯૨૨માં મુંબઈ ગયા ત્યારે શિક્ષક તરીકે ગોઠવાવાના આશયે આ સંસ્થામાં ચારેક દિવસ રહેલા. પણ મુંબઈની હવા માફક ન આવતાં માંગરોળ પાછા ફરેલા. ત્યાં એમને હાઈસ્કૂલના અને પાઠશાળાના અધ્યાપનકાર્યમાં જોડાવાની તક મળી. એમાં ત્યાંનાં મંજુબેનની ઇચ્છાથી 'સિદ્ધહેમ'ના અધ્યાપનકાર્યની તક પણ મળી. માંગરોળમાં વૈષ્ણવો-જૈનો વચ્ચે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ અંતર હતું નહીં. પરસ્પરના ઉત્સવોમાં એકબીજાની હાજરી અચૂક રહેતી. ૧૯૩૩માં લાઠી ખાતે ભરાયેલા સાહિત્ય-પરિષદના ૧૧મા સંમેલન વેળાએ પાંચ દાયકા વટાવેલા મોહનલાલ દલીચંદ દેશાઈને એમણે સૌ પ્રથમ જોયેલા એ સ્મરણ પણ એમણે તાજું કર્યું. આજના આ સમારંભમાં મોહનભાઈના પુત્ર જયસુખભાઈને જોયા ત્યારે જાણે પોતે મોહનભાઈનું પુનઃ દર્શન કરતા હોય એવી અંગત અનુભૂતિ એમણે પ્રગટ કરી. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અધ્યાપનકાર્યને નિમિત્તે 'કવિચરિત' અને પછીથી 'આપણા કવિઓ' અંગેનું લેખનકાર્ય ચાલતું હતું ત્યારે ઘણીબધી સામગ્રી 'જૈન ગૂર્જર કવિઓ' પાસેથી જ મળેલી એની એમણે નોંધ લીધી. અમદાવાદ આવ્યા પછી શ્રી આનંદશંકરભાઈએ 'અપભ્રંશ વ્યાકરણ'ના અધ્યાપનનું કામ એમને સોંપ્યું. ભો. જે. વિદ્યા.માંથી તે લા.દ.માં ગયા ત્યારે ૨૮૦૦ હસ્તપ્રતો સોંપાઈ હતી. આજે ત્યાં એક લાખ હસ્તપ્રતો છે. મુનિ જિનવિજયજીની સાથે જેસલમેર ગયા ત્યારે ત્યાંના ભંડારોનો એમને પરિચય થયો. તેમને જૈનેતર હસ્તપ્રતોની નકલ કરવાની હતી. ત્યાંથી ૨૪૦૦૦ શ્લોકોનું કામ લાવી શક્યા. એ બધા ગ્રંથો લખાઈ ગયા છે અને એ રીતે એમનું કાર્ય સિદ્ધ થયું છે.

આજે વિમોચન થઈ રહેલા આ ગ્રંથના ભાગ ૮-૯-૧૦ અંગે એમણે સંક્ષેપમાં પરિચય કરાવ્યો. એમણે કહ્યું કે આ ભાગોમાં સાહિત્યનો ઇતિહાસ તો ભરેલો છે જ, પણ તે ઉપરાંત અહીં દેશીઓના વિષયમાં અસામાન્ય કામ થયું છે. ખાસ્સાં ૩૦૦ પાનાં એમાં રોકાયેલાં છે અને કોઈપણ પ્રકારની સાંપ્રદાયિકતા અહીં જણાતી નથી. ઘણી દેશીઓ તો લોકગીતોની છે. લોકોમાં જે ગીતો ગવાય છે એ ગેયરચનાઓના મુખડા તે આ દેશીઓ છે. તેમણે કહ્યું કે કોઈ પૂર્વજન્મના સંસ્કારો જ એમની પાસે ૯૨ વર્ષની ઉંમરે પણ આવાં કામો કરાવી રહ્યા છે. ભ.ગો.મં.ના ચંદુભાઈને એમણે કહેલું કે તમે ભવિષ્યના કોશકારને ઘણી કાચી સામગ્રી પીરસી આપી છે. પછીથી પોતાને જ કોશનું કામ કરવાનું આવ્યું. જયંતભાઈએ પણ મધ્ય. શબ્દકોશનું એવું જ મોટું કામ કર્યું છે. એમ કહી આવું ભગીરથ કામ કરવા અંગે તેમણે જયંતભાઈને આશીર્વાદ આપ્યા હતા. અને નવી પેઢી પણ આવાં કામો ચાલુ રાખશે એવી અભિલાષા વ્યક્ત કરી હતી.

**ગ્રંથસમીક્ષા :**

તે પછી 'જૈન ગૂર્જર કવિઓ'ની સમીક્ષા રજૂ કરતાં બે વક્તવ્યો રજૂ થયાં હતાં. એક પ્રા. કનુભાઈ જાનીનું અને બીજું ડો. રમણ સોનીનું [બન્ને વક્તવ્યો માટે જુઓ આ પુસ્તિકાનાં પૃ.૧૫થી ૩૨]

**અતિથિવિશેષનો પરિચય :**

ત્યાર બાદ આજના અતિથિવિશેષ કવિશ્રી સુરેશ દલાલનો પ્રા. ભોળાભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પટેલે પરિચય કરાવ્યો હતો. તેમણે સુરેશ દલાલને એક સારા કવિ જ નહીં, ઉત્તમ કવિતાપ્રેમી તરીકે પણ ઓળખાવ્યા. પ્રતિવર્ષ પોતાના કાવ્યસંગ્રહો આપવા ઉપરાંત, 'કવિતા' દ્વૈમાસિકનું એમનું સંપાદનકાર્ય, ઉત્તમ કવિતાના એમના અનુવાદો, વિશ્વની ઉત્તમ કવિતાના એમણે આપેલા સંગ્રહો, અનેક મિત્રોને કવિતા પ્રતિ વાળવાનો એમનો પુરુષાર્થ – આ બધું એમની ઉત્કટ કવિતાપ્રીતિના પુરાવારૂપ છે.

## અતિથિવિશેષ શ્રી સુરેશ દલાલનું વક્તવ્ય :

ત્યારબાદ શ્રી સુરેશ દલાલે પ્રસંગને અનુરૂપ, સૌને કાવ્યરસમાં તરબોળ કરતું વક્તવ્ય રજૂ કરીને યથાર્થ રીતે જ આજના આ સમારોહને ઓચ્છવના માહોલમાં ફેરવી નાખ્યો.

કવિશ્રી સુરેશ દલાલે વક્તવ્યના આરંભે શ્રી મોહનભાઈને ઉચિત ભાવાંજલિ અર્પતાં કહ્યું કે 'મોહનલાલ નામના માણસે આ પૃથ્વી ઉપર આવી, આવું મોટું કામ કર્યું. પણ આવા માણસનાં નામો કદી છાપાંની હેડલાઈનમાં હોતાં નથી; જયંત કોઠારી, જેવાની હાર્ટલાઈનમાં હોય છે. જે માણસ કોઈનું પણ સંપાદન કરે એ માણસ પોતાના પ્રેમની બહાર નીકળી જાય છે. કહેવાય છે કે મોહનલાલ અવ્યવસ્થાના માણસ હતા પણ કેટલાક એ અવ્યવસ્થામાંથી જ વ્યવસ્થા નિપજાવે છે. સંશોધનનું કામ એ અંધારામાં ફંફોસવાની ક્રિયા સમું છે. વકીલાતનું કામ તો મોહનભાઈ માટે જાણે આડપેદાશ હતું. રોજીરોટી પૂરતું એ કરવાનું હતું પણ એમણે મુખ્ય કામ તો આ હસ્તપ્રતોની શોધખોળનું કર્યું. અને એક વાર જે દેવ સ્થાપ્યા તે સ્થાપ્યા. જ્ઞાનનો જિપ્સી જ આ કરી શકે. એક જગાએથી બીજી જગાએ દોડી જવાનું વણઝારાનું એ કામ હતું.

જયંતભાઈ વિશે એમણે કહ્યું કે : 'મોહનભાઈએ 'જૈન ગૂર્જર કવિઓ'માં જેનું સંયોજન કર્યું એનું જયંતભાઈએ સંશોધન કર્યું. 'સંયોજિત'થી 'સંશોધિત'ની આ યાત્રા ઘણી વિકટ છે. આવા કોઈ કામ માટે યુનિવર્સિટી જયંતભાઈને ડી.લિટ્‌ની ડિગ્રી આપે એમાં તો જયંતભાઈનું નામ બગડે. જયંતભાઈ જયંતભાઈ છે એ જ મહત્ત્વનું છે. મારા મિત્ર મહેશ દવેને મોઢે વારંવાર જે ત્રણ નામો હું સાંભળ્યા કરું છું તે સી. એન. પટેલ, કનુભાઈ અને જયંતભાઈનાં.' શાસ્ત્રીજીએ દેશીઓની વાત કરતાં 'મુખડો' શબ્દનો કરેલો ઉલ્લેખ એમને ખૂબ ગમી ગયાની વાત કરી. **'A good face is the recomendation note given by God'** એ પંક્તિને એમણે યાદ કરી. એમણે કહ્યું કે "કાવ્યની પહેલી પંક્તિ તો હમેશાં જનોઈવઢ ઘા જેવી હોય."

ડૉ. હરિવલ્લભ ભાયાણી અને નિરંજના વોરાએ જે દેશીસૂચિ પ્રગટ કરી છે તેમાં દેશીઓની કેટલીક પંક્તિઓ ખૂબ સરસ છે. એનાં કેટલાંક દષ્ટાંતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટાંકી, આ પ્રાચીન કવિઓના મુખડામાંથી સ્ફુરેલી-રચેલી પોતાની કાવ્યરચનાઓનો એમણે આસ્વાદ કરાવ્યો.

- **'કરીએ કૃષ્ણઉપાસના, ધરીએ હૃદયામાં ધ્યાન'**
  **પળપળના આ પદ્મ મહીં આસન લે ભગવાન.**

'અનુભવ કરિયો રે કરનારે' એ રવિદાસની પંક્તિના મુખડાનો આધાર લઈ એમણે રચનાને આગળ ચલાવી

- **'દરિયો શું છે, મોજાં શું છે, થપાટ શું છે એની જાણ બધી મઝધારે,**
  **ફૂલનું ફૂટવું શું છે એ તો કેવળ જાણે મૂળ**
  **ભમરો કેવળ ફોરમ માણે, નહીં જાણે કોઈ કુળ**
  **રણની આંધીના અનુભવની વાત કરી વણઝારે,**
  **અનુભવ કરિયો રે કરનારે.'**
  **ત્રણે ભુવનનો સ્વામી એને હોય ભાવની ભૂખ,**
  **એ વક્તા, એ શ્રોતા એમાં અવર ન હોય પ્રમુખ**
  **અનુભવ કરિયો રે કરનારે.'**

આમ મધ્યકાળના પદની પહેલી પંક્તિમાંથી આવાં ૧૦૮ કાવ્યો લખાયાં. ક્યારેક હૃદયને સ્પર્શી જતું કોઈ દશ્ય જોઈને પણ કાવ્યસરવાણી ફૂટી નીકળે છે. એમણે એમના અંગત અનુભવનો એક દાખલો ટાંકતાં કહ્યું કે પોતે નૈનીતાલ જતા હતા. રસ્તામાં અલમોડાના રોકાણ દરમ્યાન એક વાર કવિ પોતે બહાર નીકળ્યા ત્યારે એક માણસ રસ્તા પર બેસી આકાશને ધારીધારીને જોતો હતો. એમાં એક શ્રદ્ધા હતી. આ પરથી કવિએ લખ્યું :

**કોઈ રસ્તાની ધારે ધારે,**
**બેસી સાંજ-સવારે,**
**તારી રાહ જોઉં છું.**
**ઊડતાં ઊડતાં પંખીઓ પણ તારું નામ પુકારે**
**તારી રાહ જોઉં છું.**
**વનની કેડી વાંકીચૂંકી મારી કેડી સીધી,**
**મેં તો તારા નામની મીઠી કમલકટોરી પીધી**
**રાતની નીરવ શાંતિ એના રણઝણતા રણકારે**
**તારી રાહ જોઉં છું.**
**કદીક આવશે એવા અગમ તણા અણસારે**
**તારી રાહ જોઉં છું.**

એમણે પોતાની કે. સી. કોલેજમાં વ્યાખ્યાતા તરીકેની આરંભિક કારકિર્દીથી માંડી એમ.એસ.યુનિ. (વડોદરા) સુધીના અનુભવોમાંથી સ્ફુરેલી રચનાઓ રજૂ કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુરેશ દલાલે કાવ્યરસ પીરસતાં જે એક આહ્‌લાદક વાતાવરણ ઊભું કર્યું હતું એની પરાકાષ્ઠા તો ત્યારે આવી જ્યારે એમણે મીરાં મરણ પામે તો કેવી રીતે મરણ પામે એનું એક કલ્પનાચિત્ર આલેખતું સ્વરચિત કાવ્ય રજૂ કર્યું.

**એક દિવસ તો ગાતાં ગાતાં મીરાં ચૂપ થઈ.**
**ઘૂંઘટપટની ઘૂઘરિયાળી વાત ગગનમાં ધૂપ થઈ**
**એક દિવસ તો ગાતાં ગાતાં મીરાં ચૂપ થઈ.**
**મોરપિચ્છનો રંગ શરીરે ભર્યો ભર્યો થઈ વહેતો**
**મુરલીનો એક સૂર મીટમાં થીર થઈને રહેતો**
**યમુનાજલની કુંજગલીમાં મીરાં ચૂપ થઈ. એક દિવસ તો.**

Aristocratic Simplicityને એમણે મીરાંની વિશિષ્ટતા ગણાવી.

**અતિથિવિશેષ શ્રી જયસુખભાઈનું વક્તવ્ય :**

તે પછી બીજા અતિથિવિશેષ અને શ્રી મોહનલાલ દ. દેશાઈના સુપુત્ર શ્રી જયસુખભાઈ દેશાઈનો પરિચય શ્રી જયંતભાઈ કોઠારીએ આપ્યો હતો.

શ્રી જયસુખભાઈએ એમના વક્તવ્યમાં જણાવ્યું કે, એમના પિતાશ્રીના અવસાન સમયે એમની વય ૧૪ વર્ષની હતી. પિતાશ્રીની આ પ્રકારની વિદ્વત્તાનો પોતાને સાચો ખ્યાલ નહોતો. એમનો વિદ્વાન તરીકેનો ખરો પરિચય એમને જયંતભાઈએ કરાવ્યો. એ જાણીને એમનું હૈયું ભરાઈ આવેલું. એ પછી શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા એમના પિતાશ્રીના નામના ફંડમાંથી એમનાં કેટલાંક કામો થતાં રહે એવો પ્રસ્તાવ એમણે સંસ્થા પાસે મૂક્યો. એમના પિતાશ્રીનું લેખિત સાહિત્ય પુનઃ પ્રકાશનમાં લાવવા માટે જયંતભાઈએ અથાગ મહેનત કરી છે એ માટે જયંતભાઈ પ્રત્યે એમણે ખૂબ આભારની લાગણી વ્યક્ત કરી. તેમજ મોહનભાઈના વર્ષો પહેલાં લખાયેલા એક અપ્રકાશિત ગ્રંથ 'જૈન અને બૌદ્ધ મત'નું સંપાદન હાલ કાન્તિભાઈ બી. શાહ સંભાળી રહ્યા છે તે અંગે પણ એમણે ઋણસ્વીકાર કર્યો.

**સંપાદક શ્રી જયંત કોઠારીનું વક્તવ્ય :**

તે પછી 'જૈન ગૂર્જર કવિઓ'ની સંશોધિત આવૃત્તિના સંપાદક જયંત કોઠારીએ રજૂ કરેલું વક્તવ્ય, આ ભગીરથ કામમાં જેમની જેમની સહાય એમને પ્રાપ્ત થઈ હતી તેમના પ્રત્યેની આભારની લાગણી વ્યક્ત કરનારું હતું.

સૌ પ્રથમ ઋણસ્વીકાર કર્યો એમણે ગુજરાતી સાહિત્ય પરિષદનો. પરિષદના ગુજરાતી સાહિત્યકોશના કામમાં જો એમને જોડાવાનું ન થયું હોત તો મોહનલાલ દેશાઈના 'જૈન ગૂર્જર કવિઓ' ગ્રંથનો આવો પરિચય થયો હોત કે કેમ એ પ્રશ્ન હતો. જયંતભાઈએ કહ્યું કે "આ ગ્રંથ કેટલો મોટો સાહિત્યિક દસ્તાવેજ છે ! 'આ ગ્રંથ જે વાપરે એને જ ખબર પડે કે એ કેવડું ગંજાવર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામ છે !' એમ રમણભાઈએ સાચું જ કહ્યું છે. આ ગ્રંથને ઉપયોગમાં લીધા પછી તો મોહનભાઈ પ્રત્યેનું મારું માન વધતું જ ગયું. મોહનભાઈને ડગલે તો મેં બે પગલાં જ માંડ્યાં છે. એમણે બધા જ રસો ત્યાગીને આ એક માત્ર કામ કરવા ઘણો ભોગ આપ્યો છે. મોહનભાઈએ સંકલ્પપૂર્વક આ કામ કર્યું છે. ઘણાને પ્રશ્ન થાય કે કેમ જૈન સાહિત્યનું જ કામ ? તો એનો જવાબ એ હતો કે 'એ સાહિત્યની ઉપેક્ષા થઈ છે માટે.' હું તો સ્પષ્ટ માનું છું કે મોહનભાઈના નામની 'ચેર' યુનિ.માં હોવી જ જોઈએ અને જૈનો એ નહીં કરે ત્યાં સુધી એમનું તર્પણ અધૂરું રહેશે.

પ્રીતિપરિશ્રમ – જે મોહનભાઈનો જ શબ્દ છે – એ એમણે કર્યો છે. આ કામમાંથી એક પણ પૈસો મોહનભાઈએ સંકલ્પપૂર્વક લીધો નથી. મોહનભાઈનું કામ કરવાનું મને મળ્યું એ જ મારી ધન્યતા છે; જેમ ભૃગુરાય અંજારિયાનું કામ કરવાનું મળ્યું એ મારી ધન્યતા છે. આવા માણસો મળે છે જ ક્યાં ? ગુજરાતી સાહિત્ય પરિષદે મને આવા માણસનું દર્શન કરાવ્યું.

આવા ગ્રંથની નવી આવૃત્તિ થવી જોઈએ એમ મનમાં ઘોળાતું હતું ત્યારે ભાયાણીસાહેબનો અભિપ્રાય હતો કે " 'જૈન ગૂર્જર કવિઓ'નું કેવળ પુનર્મુદ્રણ જ કરો. શુદ્ધિવૃદ્ધિ સાથે કામ કરવા જશો તો એ કામ થશે જ નહીં." આ કામના પ્રોત્સાહન માટે ભાયાણીસાહેબનું પણ ઘણું મોટું ઋણ છે જ. પણ અંતે, આ કામ કરવું તો શુદ્ધિવૃદ્ધિ સાથે જ, એ જ યોગ્ય જણાયું. રમણભાઈને પણ સંસ્થાને આ કામ માટે સંમત કરવામાં મુશ્કેલી પડી જ હશે. રમણભાઈ હોય નહીં ને આ કામ થાય નહીં. એમનો પણ ઋણસ્વીકાર કરું છું.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય સંસ્થાનો અનુભવ મારી જિંદગીનો ઉત્તમ અનુભવ છે. અન્ય કોઈ સંસ્થા મને આટલી મોકળાશ આપે ખરી ? મારો પુરસ્કાર પણ હું નક્કી કરું, સંસ્થા નહીં. કયો કાગળ, કયું પ્રેસ, કેટલા ભાગ, કેટલાં પાનાં, કેટલો ખર્ચ – એ નિર્ણયો પણ મારા. એ અંગે કશી જ પૂછપરછ નહીં. આ અનુભવ અન્યત્ર શક્ય નથી. તે સમયના ડાયરેક્ટર કાન્તિલાલ કોરાના પત્રો તો હું મારા માટેનું ઉત્તમ 'સર્ટિફિકેટ' માનું છું.

મને એવા જ સહકાર્યકરો અને મિત્રો પણ મળ્યા. કીર્તિદા જોશી તો પહેલેથી જ આ કામમાં સાથે. ઉપરાંત કાન્તિભાઈ શાહ, દીપ્તિ શાહ, ગાભાજી ઠાકોર, પુત્રવધૂઓ મિતા અને લિપિ, પુત્રી દર્શના – સૌની સહાય મળી. રૂમમાં ચાનો કપ મૂકવાની પણ જગા ખાલી ન હોય એ સ્થિતિ પણ કુટુંબે સ્વીકારી.

ગ્રંથાલયોની સહાય મળી. મારે માટે ગ્રંથાલયો ખુલ્લાં રહ્યાં. ત્યાં બેઠેલા માણસોનો પૂરતો સહકાર મળ્યો.

પુત્ર રોહિત જેવી ચોકસાઈ બીજે જોવા ન મળે. એ મને પ્રૂફો જોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપતો. આ કૂથાનાં કામો જેવી સામગ્રીનાં એણે જોયેલાં પ્રૂફોમાં ભાગ્યે જ કોઈ ભૂલ જોવા મળે. મુદ્રક ભીખાભાઈ પટેલનો પણ કેટલો બધો સહકાર ! હસ્તપ્રતસૂચિના આ ગ્રંથમાં ટાઇપોગ્રાફિકલ વેરાઈટી આવે. પણ એ બધું જ કરી આપવા એ તૈયાર થયા. મને કહે 'હું તમને આમ જ કરી આપીશ.' મારે સામેથી કહેવું પડ્યું કે 'આ ભાવ તમને શે પોષાશે ? તમે વધુ ભાવ ભરો."

ઉપરાંત, સુંદર બાઇન્ડિંગ કરી આપનાર મહાવીર બૂક બાઇન્ડિંગ વર્ક્સ, સુંદર ડિઝાઈન કરી આપનાર ચિત્રકાર શૈલેશ મોદી, પ્રકાશકો-વિક્રેતાઓ આર. આર., નવભારત, ગૂર્જર ગ્રંથરત્ન, રન્નાદે, ગ્રંથાગાર, સરસ્વતી પુ. ભં. એ સૌનો જયંતભાઈએ હાર્દિક આભાર માન્યો.

અત્યાર સુધીમાં 'જૈન ગૂર્જર કવિઓ'ના જે ભાગો બહાર પડ્યા તેના જુદેજુદે સમયે વિવિધ સામયિકોમાં સમીક્ષા લખનાર સમીક્ષકો ડૉ. ભારતી વૈદ્ય, પ્રા. ભૂપેન્દ્ર ત્રિવેદી, પ્રા. ભોગીલાલ સાંડેસરા, ડૉ. રમણલાલ જોશી, ડૉ. હસુ યાજ્ઞિક, પ્રા. કનુભાઈ જાની, ડૉ. રમણ સોની, ડૉ. બળવંત જાની, ડૉ. સુભાષ દવે, ડૉ. કાન્તિભાઈ શાહ, ડૉ. નગીનભાઈ શાહ, પ્રા. દીપક મહેતા, શ્રી ધનવંત ઓઝા તેમજ વિદેશી સમીક્ષકો નલિની બલવીર, અર્નેસ્ટ બેન્ડર, માલીઝા વ.નો એમણે આભાર માન્યો. એમણે કહ્યું કે ગુજરાતી સાહિત્યમાં 'જૈન ગૂર્જર કવિઓ'ની જેટલી સમીક્ષાઓ થઈ છે એટલી ભાગ્યે જ બીજા કોઈ ગ્રંથની થઈ હશે.

બે સુપ્રસિદ્ધ જૈનાચાર્યો શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજી અને શ્રી વિજયશીલચંદ્રસૂરિજીનો એમણે ખાસ ઋણસ્વીકાર કર્યો, એમણે કહ્યું કે 'આ શ્રેણીસમાપનનો ઓચ્છવ કરવાનું સૂચન આ.શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજીનું હતું. મારા પ્રત્યે આરંભથી જ એમનો સ્નેહભાવ અસાધારણ રહ્યો છે. આ ઉપરાંત કનુભાઈ જાની જેવા મારા અધ્યાપકનો, શાસ્ત્રીજી જેવા વયસ્ક વિદ્વદ્વર્યનો અને સુરેશ દલાલ જેવા કવિજનનો જે પ્રેમ મળ્યો છે એને તો તે મહાનુભાવોની મોટાઈ જ ગણું છું.' આતિથ્ય-સહયોગ માટે શ્રી આંબાવાડી શ્વે.મૂ.જૈન સંઘનો પણ એમણે આભાર માન્યો.

## ઉદ્‌બોધન : આ.શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજી :

તે પછી જેમની નિશ્રામાં આ સમારોહ યોજાયો તે પૂજ્ય આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજીએ પ્રસંગલક્ષી ઉદ્‌બોધનમાં કહ્યું કે મોહનલાલ દ. દેશાઈની 'ચેર' થાય એ મહત્ત્વનું નથી પણ આવાં કામો થતાં રહે એ મહત્ત્વનું છે. વળી 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'ની પણ સંવર્ધિત-સંશોધિત આવૃત્તિ જયંતભાઈને હાથે જ થાય એવો અભિલાષ એમણે વ્યક્ત કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમણે કહ્યું કે, 'વિદ્યાને કોઈ સીમાડા નથી હોતા. જૈન ભંડારોમાં વૈદિક પરંપરાના કેટલાય પ્રાચીન ગ્રંથો સાંપડે છે. અને એવું જ હોવું જોઈએ. જુઓને, ડેન્ટીકૃત 'ડિવાઇન કોમેડી' એ ગ્રંથ યુરોપના છટાલી જેવા દૂરના દેશમાં સેંકડો વર્ષ પહેલાં રચાયેલો તેનો પદ્યબદ્ધ અનુવાદ ઠેઠ ગુજરાતના ટીંબે રાજેન્દ્ર શાહ જેવા કવિની કલમે થાય છે.

આજે શ્રી જયંતભાઈ કોઠારીએ કરેલી સાહિત્યસેવાનો ઓચ્છવ છે. જયંતભાઈએ શ્રી મોહનભાઈએ કંડારેલી કેડીને જ વધુ ખેડીને પહોળી કરી છે. શ્રી મોહનભાઈના નામને વધુ ઊજળું કરી બતાવ્યું છે.

આજે જે વિદ્વાનોનો સ્નેહાળ મેળો મળ્યો છે તે એક આનંદની ઘટના છે. સુરેશભાઈને બધાએ જે રીતે માણ્યા તે જાણીને મને આનંદ થયો છે.

આવા પ્રસંગો વારંવાર થવા જોઈએ. તેથી પ્રજા તો જ્ઞાન તરફ વળે – વળી શકે અને માત્ર ગુજરાતમાં ચોપડાપૂજન થાય છે એ મહેણું ટળે અને કહી શકીએ કે અહીં ચોપડીનું પણ પૂજન થાય છે. ચોપડી અને ચોપડીના લેખક બન્ને એ રીતે પૂજનીય છે.

ઉપસ્થિત શ્રોતાવૃંદ પણ આજે આવી પ્રેરણા લઈને જ વિદાય થશે તેવી શ્રદ્ધા છે.'

## આભારદર્શન : શ્રી પ્રકાશભાઈ ઝવેરી :

તે પછી, 'જૈન ગૂર્જર કવિઓ' (ભાગ ૧-૧૦)નું પ્રકાશન કરનાર સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ)ના માનદ મંત્રીશ્રી પ્રકાશભાઈ ઝવેરીએ સંસ્થા વતીથી લાક્ષણિક શૈલીએ આભારદર્શન કર્યું. સદીઓ પહેલાં 'ભક્તામરસ્તોત્ર'ના રચયિતા શ્રી માનતુંગસૂરિની એક પંક્તિ અને કવિ સુરેશ દલાલના એક કાવ્યનો સંદર્ભ ટાંકીને કહ્યું કે વિદ્વાનોની આ સભામાં હું કાંઈ વાત કરું તો મારી શી હાલત થાય ? આનો માર્મિક આરંભ કરીને આચાર્ય ભગવંતોની કૃપાયાચનાથી માંડી શ્રી કે. કા. શાસ્ત્રી, શ્રી સુરેશ દલાલ, શ્રી જયસુખભાઈ દેશાઈ, શ્રી રમણલાલ ચી. શાહ, શ્રી જયંતભાઈ કોઠારી, શ્રી કનુભાઈ જાની, શ્રી રમણ સોની, શ્રી કાન્તિભાઈ, આંબાવાડી સંઘ, શ્રી દીપકભાઈ બારડોલીવાળા તેમજ સૌ સહાયકો અને ઉપસ્થિત મહેમાનોનો આભાર માન્યો હતો. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ મહારાજની પ્રેરણાથી અને ધાર્મિક કેળવણીની સાથે આધુનિક કેળવણીની સુવિધાના આશયથી સ્થપાયેલી આ સંસ્થા ૮૧ વર્ષ પૂરાં કરે છે તેનો ઉલ્લેખ કરી સંસ્થાનાં કામોનો સંક્ષિપ્ત પરિચય પણ કરાવ્યો હતો. છેલ્લે આંબાવાડી જૈન સંઘ વતીથી સંઘના મંત્રીશ્રી વિનુભાઈ શાહે આભારવિધિ કરી હતી.

આ સાથે આજના આ સમારોહની પહેલી બેઠક સમાપ્ત થઈ હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બહુમાન :**

આ પહેલી બેઠકમાં, ગ્રંથવિમોચક વિદ્વદ્વર્ય શ્રી કેશવરામ કા. શાસ્ત્રીજી, અતિથિવિશેષો કવિશ્રી સુરેશ દલાલ અને શ્રી જયસુખભાઈ મો. દેશાઈ, ડૉ. રમણલાલ ચી. શાહ તથા 'જૈન ગૂર્જર કવિઓ' (ભા.૧-૧૦)ની સંવર્ધિત આવૃત્તિના સંપાદક શ્રી જયંતભાઈ કોઠારી – આ પાંચ મહાનુભાવોનું આંબાવાડી સંઘના કાર્યકરો અને હોદ્દેદારો દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત વડોદરાથી પધારેલા સંગીતકાર શ્રી જયદેવભાઈ ભોજક અને પ્રભાતભાઈ ભોજકનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

**સંચાલન :**

પહેલી બેઠકના સમગ્ર કાર્યક્રમનું સંચાલન સફળતાપૂર્વક શ્રી દીપકભાઈ બારડોલીવાલાએ કર્યું હતું.

**બીજી બેઠક : 'ગોષ્ઠિ' :**

ભોજન બાદ બપોરના ૨-૦૦ વાગ્યે આજના કાર્યક્રમની બીજી બેઠક 'ગોષ્ઠિ'નો પ્રારંભ થયો હતો. ગોષ્ઠિનો વિષય હતો : 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યવારસાના જતન અને પ્રકાશનના પ્રશ્નો.' એમાં અમદાવાદ, ગાંધીનગર, વલ્લભવિદ્યાનગર, વડનગર, વડોદરા, બીલીમોરા, મુંબઈ, ભુજ, રાજકોટ, ઘોઘાવદર, પોરબંદર, ભાવનગર વગેરે વિવિધ સ્થળોના સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતીના વિદ્વાનોએ ભાગ લીધો હતો. આ બેઠક પૂજ્ય આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજીની નિશ્રામાં અને શ્રી જયંતભાઈ કોઠારીની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. પૂજ્ય મહારાજશ્રીના મંગળાચરણ બાદ શ્રી જયદેવભાઈ ભોજક અને સાથીદારોએ બાગેશ્રી રાગમાં અનંતરાય ઠક્કર (શાહબાઝ) રચિત 'તુજ વીણાની દિવ્ય બ્રહ્મ મીંડ જ્યાં બજી રહી, બ્રહ્મની પ્રથમ ઉષા જગત પરે ઊગી રહી' એ પંક્તિઓથી આરંભાતું સરસ્વતીગાન રજૂ કર્યું હતું.

**વિદ્વત્પરિચય :**

તે પછી પૂજ્ય આ.શ્રી પ્રદ્યુમ્નસૂરિજીની ઇચ્છાથી સૌ ઉપસ્થિત વિદ્વાનોએ સંક્ષેપમાં સ્વપરિચય આપ્યો હતો. આ બેઠકનું સંચાલન સમારોહ-સંયોજકો કાન્તિભાઈ બી. શાહ અને કીર્તિદા જોશીએ કર્યું હતું.

**પ્રસ્તાવના : કાન્તિભાઈ શાહ :**

પ્રાસ્તાવિક વક્તવ્યમાં કાન્તિભાઈ શાહે જણાવ્યું કે 'પૂ. મહારાજશ્રીની ઇચ્છા આજના આ સમારોહને ઓચ્છવ રૂપે મનાવવાની હતી, તો ઘણા સમયથી, જયંતભાઈની ઇચ્છા આવા પ્રસંગને નિમિત્તે ગોષ્ઠિનું આયોજન કરવાની હતી. પહેલી બેઠકમાં પૂજ્ય મહારાજશ્રીનો અભિલાષ ફળતો આપણે નિહાળ્યો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો અત્યારે આ બીજી બેઠકમાં જયંતભાઈના સ્વપ્નને સાકાર થતું આપણે જોઈએ છીએ. આમ બન્ને મહાનુભાવોની ઇચ્છા સંતોષાતી હોય એનો એક સમારોહ-સંયોજક તરીકે મારો આનંદ હું અત્રે પ્રગટ કરું છું.

ગોષ્ઠિનું આયોજન કરતી વખતે જયંતભાઈના મનમાં એક બાબત તો નિશ્ચિત હતી કે કેવળ બે-ચાર વિદ્વાનો ક્રમશઃ આવીને નિબંધવાચન કરી જાય ને બેઠક પૂરી થાય એમ નહીં, પણ ગોષ્ઠિના મુખ્ય વિષયનાં વિવિધ પાસાંઓને ધ્યાનમાં રાખી એના પેટાવિષયો અંગે કેટલાક વિદ્વાનો ચર્ચાનો પ્રારંભ કરે, પછી એ ચર્ચા ખુલ્લી મુકાય, ઉપસ્થિત સૌ વિદ્વાનો એમાં સ્વેચ્છાએ સામેલ થઈ પોતાનાં મંતવ્યો રજૂ કરે, એ ચર્ચામાંથી અંતે કશુંક એવું નક્કર નીપજી આવે કે ચર્ચાના એ તારણમાંથી કોઈ નિર્ણય તરફ જઈ શકાય ને શક્ય હોય તો એ અંગે કાંઈક જાહેરાત કરવા ભણી પણ જઈ શકાય.'

## 'ગોષ્ઠિ'નાં પ્રારંભિક વક્તવ્યો :

## (ડૉ. કનુભાઈ શેઠ, પ્રા. જયંત કોઠારી, ડૉ. રતિલાલ બોરીસાગર, ડૉ. શિરીષ પંચાલ)

ગોષ્ઠિના મુખ્ય વિષયને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યો હતો. એ ચાર વિષય-વિભાગો વિશે પ્રારંભિક વક્તવ્યો રજૂ કરવા માટે ડૉ. કનુભાઈ શેઠ, પ્રા. જયંતભાઈ કોઠારી, ડૉ. રતિલાલ બોરીસાગર અને ડૉ. શિરીષ પંચાલને આમંત્રણ અપાયું હતું. એમાંથી ડૉ. શિરીષ પંચાલ સંજોગોવશાત્ ઉપસ્થિત રહી શક્યા નહોતા. પણ એમણે એમનું વક્તવ્ય લિખિત સ્વરૂપે મોકલી આપ્યું હતું જે કાન્તિભાઈ શાહે વાંચી સંભળાવ્યું હતું. આ વિદ્વાનોનો આરંભમાં કાન્તિભાઈ શાહે ટૂંકો પરિચય કરાવ્યો હતો. પ્રારંભિક વક્તવ્યો ક્રમશઃ આ પ્રમાણે રજૂ થયાં હતાં.

૧. હસ્તપ્રત ભંડારો – વર્તમાન સ્થિતિ અને હવે પછીનું કાર્ય : ડૉ. કનુભાઈ શેઠ

૨. મુદ્રિત હસ્તપ્રત સૂચિઓની સમીક્ષા અને સૂચનો : પ્રા. જયંત કોઠારી

૩. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સંપાદનપ્રવૃત્તિ – આજ સુધીની અને હવે પછીનો કાર્યક્રમ : ડૉ. રતિલાલ બોરીસાગર

૪. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પ્રકાશનપ્રવૃત્તિ – આજ સુધીની અને હવે પછીનો કાર્યક્રમ : ડૉ. શિરીષ પંચાલ

આ ચારેય વક્તવ્યો માટે જુઓ આ પુસ્તિકાનાં પૃષ્ઠ ૩૩થી ૬૫

## ખુલ્લી ચર્ચા :

આ ચારેય વક્તવ્યોની રજૂઆત બાદ ચર્ચા ખુલ્લી મુકાઈ હતી. સમય મર્યાદિત હોવાથી પૂરક ચર્ચામાં સામેલ થનાર વિદ્વાનોને માત્ર મુખ્યમુખ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુદ્દાઓની જ રજૂઆત કરવા વિનંતી કરાઈ હતી. ચર્ચામાં નીચેના વિદ્વાનોએ ભાગ લીધો હતો.

ડૉ. બળવંત જાની, ડૉ. રમણલાલ પાઠક, ડૉ. અરુણોદય જાની, ડૉ. કે. આર. ચંદ્રા, ડૉ. રમણ સોની, ડૉ. કનુભાઈ જાની, ડૉ. શાન્તિલાલ આચાર્ય, પ્રા. નરોત્તમ પલાણ, શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક અને શ્રી હર્ષદ ત્રિવેદી.

[ખુલ્લી ચર્ચાનાં વક્તવ્યો માટે જુઓ આ પુસ્તિકાનાં પૃ. ૬૬થી ૭૧]

**પ્રતિભાવ અને તારણ : શ્રી જયંત કોઠારી :**

આ વિદ્વાનો દ્વારા થયેલી પ્રારંભિક અને ખુલ્લી ચર્ચાનાં તારણો અને તે પરના પોતાના પ્રતિભાવો અધ્યક્ષસ્થાનેથી પ્રા. જયંતભાઈ કોઠારીએ રજૂ કર્યાં હતાં. આ ચર્ચાને અનુષંગે હવે આપણે સૌએ શું કરવું જોઈએ એ અંગે એમણે કેટલાંક જરૂરી સૂચનો પણ કર્યાં હતાં. [ચર્ચાનાં તારણો રજૂ કરતા શ્રી જયંતભાઈના અધ્યક્ષીય વક્તવ્ય માટે જુઓ આ પુસ્તિકાનાં પૃ. ૭૦થી ૭૧.]

**સમાપન : આ. શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજી :**

તે પછી પૂજ્ય આ.શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજીએ પોતાના સમાપન-વક્તવ્યમાં જૂની હસ્તપ્રતોનાં સંશોધન-સંપાદનની આ દિશામાં કામ કરનારાઓને પૂરતી સગવડો મળી રહેવાની બાંહેધરી આપી.

✱

આ દિશામાં રસ લેનારાઓની બીજી બેઠક પોતાને ત્યાં કરવા માટે સૌરાષ્ટ્ર યુનિ.ના ડૉ. બળવંત જાનીએ નિમંત્રણ આપ્યું હતું.

સંસ્થા વતીથી શ્રી નટુભાઈ શાહે કરેલી આભારવિધિ સાથે આજના આ સમારોહની બીજી બેઠક સમાપ્ત થઈ હતી.

□

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org